PROGRESSIVE MUSLIM EDUCATION TRUST

CA Entrance-2022

Date: 08/06/2022 ***Total Marks: 120***

Time: 2:45 Hrs. ***Roll No.:_____***

==========

મહત્વની સૂચના

(1) આ પ્રશ્નપુસ્તિકા માં 101 પ્રશ્નો રહેલા છે.પ્રથમ 100 પ્રશ્નો બહુ વૈકલ્પિક પ્રશ્નો(MCQ) છે અને પ્રશ્ન 101 નિબંધ લેખન છે.

(2) જવાબ માટે OMR શીટ તથા જવાબવહી આપવામાં આવશે.

(3) પરીક્ષામાં સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકાશે.

(4) OMR શીટ તથા જવાબવહીને વાળવી કે ફાડવી નહીં.

(5) OMR શીટ તથા જવાબવહીમાં નામ અને રોલ નંબર કાળજીપૂર્વક લખવા.

(6) પરીક્ષાખંડ છોડતા પહેલા OMR શીટ, જવાબવહી તથા પ્રશ્નપુસ્તિકા સુપરવાઇઝરને ફરજિયાતપણે જમા કરાવવી.

(7) પ્રશ્નપુસ્તિકામાં 7 વિભાગ રહેલા છે. 1 થી 6 વિભાગ બહુ વૈકલ્પિક પ્રશ્નો(MCQ) જ્યારે વિભાગ 7 નિબંધ લેખન છે.

1. નામાનાં મૂળ તત્વો (35 પ્રશ્નો)
2. આંકડાશાસ્ત્ર (15 પ્રશ્નો)
3. અર્થશાસ્ત્ર અને વાણિજ્ય વ્યવસ્થા (20 પ્રશ્નો)
4. અંગ્રેજી વ્યાકરણ (10 પ્રશ્નો)
5. જનરલ નોલેજ અને લોજિકલ રિઝનીંગ (15 પ્રશ્નો)
6. ઈસ્લામિક જ્ઞાન (5 પ્રશ્નો)
7. નિબંધ લેખન (1 પ્રશ્ન)

(8) 1 થી 6 વિભાગના બહુ વૈકલ્પિક પ્રશ્નોના સાચા જવાબ માટે 1 ગુણ તથા ખોટા જવાબ અને એક કરતાં વધારે વિકલ્પ પસંદ કરેલ જવાબ માટે -0.25 ગુણ આપવામાં આવશે. ખાલી છોડેલ પ્રશ્ન માટે 0 ગુણ આપવામાં આવશે. વિભાગ 7 ના પ્રશ્ન નંબર 101 માટે મહત્તમ 20 ગુણ આપવામાં આવશે.

વિભાગ-1: નામાનાં મૂળ તત્વો (Accounts)

1. નીચેનામાંથી કયું વાક્ય ખોટું છે ?

(A) GST ની તમામ કામગીરી GST Council હેઠળ થાય છે

(B) GST Council માં દરેક રાજ્ય પ્રતિનિધિત્વ ધરાવે છે

(C) GST Council ના અધ્યક્ષ તરીકે કેન્દ્રના નાણામંત્રી કામગીરી બજાવે છે

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

2. ભૂતકાળમાં નફીસના માંડી વાળેલ ધાલખાધના રૂ. 1500 પરત મળેલ છે. તેની આમનોંધ લખો.

(A) ધાલખાધ ખાતે ઉ. 1500
તે રોકડ ખાતે 1500

(B) રોકડ ખાતે ઉ. 1500
તે ધાલખાધ ખાતે 1500

(C) ધાલખાધ પરત ખાતે ઉ. 1500
તે રોકડ ખાતે 1500

(D) રોકડ ખાતે ઉ. 1500
તે ધાલખાધ પરત ખાતે 1500

3. સાચું સમીકરણ .....છે.

(A) મિલકતો = મૂડી + દેવું (B) મિલકતો = મૂડી – દેવું

(C) મૂડી = મિલકતો + દેવું (D) દેવું = મિલકતો + મૂડી

4 શરુઆતનો સ્ટોક =Rs .4,00,000

રોકડ વેચાણ = Rs .2,00,000

કુલ વેચાણ = Rs .17,00,000

વેચાણની રેટ = 125 %ખરીદી કિંમત

તો વેચાણનો કુલ પડતર ખર્ચ કેટલો ?

(A) Rs. 15,60,000 (B) Rs. 13,60,000 (C) Rs. 15,00,000 (D) Rs. 11,00,000

5. કાચા સરવૈયા પર અસર ન કરતી ભૂલ ..... છે.

(A) ખતવણી અંગેની ભૂલ (B) ખોટા ખાતે લખવાની ભૂલ

(C) ખાતાની બાકી અંગેની ભૂલ (D) પેટાનોંધના સરવાળાની ભૂલ

6. રેલ્વે/બંદર પરથી માલની ડિલિવરી મોડી લેવા બદલ ચૂકવવાની થતી દંડની રકમને ..... કહેવાય.

(A) દરમાયો (B) ખરાજાત ખર્ચ (C) ડેમરેજ (D) વોરફેજ

7. માર્ચ,2022ના માસ માટે ચકવવાનું પગાર ભલે એપ્રિલ,2022માં ચૂકવાય તો પણ તે માર્ચ,2022નો ખર્ચ ગણવામાં આવે છે. આ .....નો સિધ્ધાંતનું ઉદાહરણ છે.

(A) ચાલુ પેઢી ની ધારણા (Going Concern) (B) એકસૂત્રતા (Consistency)

(C) ઊપજ-ખર્ચનું સંપાદન (Accrual Concept) (D) હિસાબી એકમ (Accounting Entry)

8. The Institute of Chartered Accountants of India (ICAI) દ્વારા કેટલા હિસાબી ધોરણો બહાર પાડવામાં આવ્યા છે?

(A) 38 (B) 39 (C) 40 (D) 41

9. હિસાબી ધોરણ .....નું શીર્ષક Inventories છે.

(A) Ind AS – 1 (B) Ind AS – 2 (C) Ind AS – 7 (D) Ind AS – 8

10. ..... ખાતું એ દ્વિનોંધી નામાપધ્ધતિના 'ઉપલક ખાતા' જેવુ કામચલાઉ ખાતું છે.

(A) શ્રી તસલમાત ખાતું (B) શ્રી હથ્થું ખાતું (C) શ્રી ઉબળેક ખાતું (D) શ્રી વિગત ખાતું

11. મૂડી આવકનું ઉદાહરણ ..... છે.

(A) ચોક્કસ હેતુ માટેનું દાન (B) લવાજમ (C) હોલનું ભાડું (D) પસ્તીનું વેચાણ

➢ પ્રશ્ન નં. 12 થી 14 માટેની માહિતી 'ભારિત સરેરાશ નફાની 5 વર્ષની ખરીદીને આધારે' ગણતરી કરો.

વર્ષ	17-18	18-19	19-20	20-21	21-22
નફો (રૂ.)	41,000	85,000	1,25,000	1,70,000	2,10,000

12. કુલ ભારિત નફો રૂ. .....

(A) 6,31,000 (B) 23,16,000 (C) 4,63,200 (D) 15,44,000

13. ભારિત સરેરાશ નફો રૂ. .....

(A) 51,467 (B) 30,880 (C) 1,54,400 (D) 1,02,933

14. પાઘડી રૂ. .....

(A) 7,72,000 (B) 10,29,330 (C) 2,57,335 (D) 5,14,665

15. A, I અને Y 1:1:1 માં નફો-નુકસાનની વહેચણી કરે છે. જો આ નફા-નુકસાનનું પ્રમાણ બદલીને 1:2:3 કરાય તો I અને Y નું લાભ ..... અને ..... થાય.

(A) -1/6 , 0 (B) 0 , 1/6 (C) -1/6 , 1/6 (D) 1/6 , -1/6

16. ભાગીદારની પત્નીએ તેના પતિના નાણાંમાંથી પેઢીને લોન આપી હોય , તો તે ..... ગણાય.

(A) ભાગીદારની લોન (B) ત્રાહિત પક્ષના દેવા

(C) ઉપરોક્ત A અથવા B માંથી ગમે તે એક (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

17. પેઢીની મિલકતોની ઊપજ માંથી ચુકવણી કયા ક્રમમાં કરવામાં કરવામાં આવે છે?

અ. ત્રાહિત પક્ષ પરત્વેના દેવા બ. પેઢીનો વિસર્જન ખર્ચ

ક. ભાગીદારોની મૂડી અને ચાલુ ખાતા ડ. ભાગીદારોની લોન

(A) અ,બ,ક,ડ (B) બ,અ,ડ,ક (C) બ,અ,ક,ડ (D) અ,બ,ડ,ક

18. પ્રેફરન્સ શેરહોલ્ડરને નીચેનામાંથી કયું હક નથી?

અ. મતદાન બ. કંપનીનું સંચાલન

(A) અ (B) બ (C) અ અને બ બંને (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

19. SEBIની ગાઈડ લાઇન્સ મુજબ કંપનીએ બહાર પડેલ શેરની કુલ રકમના ઓછામાં ઓછી ..... રકમ ભરાયેલી હોવી જોઈએ.

(A) 10% (B) 90% (C) 20% (D) 80%

20. કંપનીધારા,2013ની કલમ ..... મુજબ , કંપની તેના કર્મચારીઓને કે ડિરેક્ટરોને તેમના કામના બદલામાં આપવામાં આવતા 'સ્વેટ ઇક્વિટી શેર' જ વટાવથી આપી શકશે.

(A) 51 (B) 52 (C) 53 (D) 54

21. કંપનીધારા,2013ની કલમ ..... મુજબ જામીનગીરી પ્રીમિયમ અનામતની રકમનો ઉપયોગ કરી શકાય છે.

(A) 51(1) (B) 52(2) (C) 53(3) (D) 54(4)

22. જપ્ત થયેલા શેર ફરીથી બહાર પાડ્યા પછી જો તે શેર અંગે શેર જપ્તી ખાતે બાકી રહે , તો તે બાકી રકમ ..... ખાતે લઈ જવામાં આવે છે.

(A) બેન્ક ખાતે (B) શેર મૂડી ખાતે (C) શેર જપ્તી ખાતે (D) મૂડી અનામત ખાતે

23. કંપનીધારા,2013ની કલમ 71(4) પ્રમાણે અને SEBIની ગાઈડ લાઇન્સ પ્રમાણે , કંપની જ્યારે ડિબેન્ચર પરત કરવાનું નક્કી કરે તે પહેલા તેને બહાર પાડેલા ડિબેન્ચર ની કુલ દર્શનિક કિંમતની રકમના ..... ટકા 'ડિબેન્ચર પરત અનામત ખાતે' (Debenture Redemption Reserve Account) લઈ જવામાં આવે છે.

(A) 15 (B) 85 (C) 25 (D) 75

24. ..... ને કંપનીના વહીવટી કામકાજમાં ભાગ લેવાનો તેમજ મતદાન કરવાનો અધિકાર મળે છે.

(A) પ્રેફરન્સ શેરહોલ્ડર (B) ડિબેન્ચર હોલ્ડર (C) ઇક્વિટી શેરહોલ્ડર (D) ઉપરોક્ત તમામ

25. 'શેર જપ્તી ખાતું' એ કંપનીના પાકા સરવૈયામાં ..... દર્શાવાય આવે છે.

(A) 'અનામત અને વધારો'માં બાદ કરીને (B) 'શેરમૂડી'માં બાદ કરીને

(C) 'અનામત અને વધારો'માં ઉમેરો કરીને (D) 'શેરમૂડી'માં ઉમેરો કરીને

26. નાણાકીય પત્રકોનું વિશ્લેષણના સાધન 'સમાન માપના પત્રકો' (Common Size Statement)માં આધારને .....% તરીકે રાખવામાં આવે છે.

(A) 25 (B) 75 (C) 0 (D) 100

27. વેચેલ માલ ની પડતર શોધો.

શરૂનો સ્ટોક	રૂ. 10,000	આખરનો સ્ટોક	રૂ. 30,000
ખરીદી	રૂ. 1,00,000	મજૂરી	રૂ. 25,000
ખરીદીના ખર્ચા	રૂ. 70,000	કારખાનાં ખર્ચા	રૂ. 13,000

(A) 1,88,000 (B) 2,48,000 (C) 1,38,000 (D) 1,12,000

28. કામગીરીનો ગુણોત્તર (Operating Ratio) શોધો.

વેચેલ માલની પડતર	રૂ. 2,50,000	નાણાકીય ખર્ચા	રૂ. 2,00,000
કામગીરીના ખર્ચા	રૂ. 50,000	વેચાણ	રૂ. 10,00,000

(A) 30% (B) 70% (C) 50% (D) 10%

29. જો ચાલુ મિલકતો વધે તો ચાલુ ગુણોત્તર ..... અને પ્રવાહી મિલકતો ઘટે તો પ્રવાહી ગુણોત્તર .....

(A) વધે , ઘટે (B) ઘટે , વધે (C) વધે , વધે (D) ઘટે , ઘટે

30. દેવા-ઇક્વિટી ગુણોત્તર શોધો.

કુલ દેવા	રૂ. 1,00,000	ચાલુ દેવા	રૂ. 25,000
ઇક્વિટી શેરમૂડી	રૂ. 12,00,000	સામાન્ય અનામત	રૂ. 5,00,000
નફા-નુકસાન ખાતું	રૂ. 3,00,000		

(A) 5.00 % (B) 1.25 % (C) 3.75 % (D) 6.25 %

31. માલિકી ગુણોત્તર શોધો.

કુલ મિલકતો	રૂ. 10,00,000	ઇક્વિટી શેરમૂડી	રૂ. 6,00,000
અનામતો અને વધારો	રૂ. 50,000	પ્રેફરન્સ શેરમૂડી	રૂ. 1,00,000

(A) 70 % (B) 30 % (C) 75 % (D) 25 %

32. લેણદારોનો ઊથલો (Creditor's Turnover Ratio) શોધો.

કુલ ખરીદી	રૂ. 50,00,000	રોકડ ખરીદી	રૂ. 40,00,000
શરૂના વેપારી દેવા	રૂ. 70,000	આખરના વેપારી દેવા	રૂ. 1,30,000

(A) 30.77 વખત (B) 70.69 વખત (C) 40.00 વખત (D) 10.00 વખત

33. નીચેનામાંથી ફક્ત કામગીરીની પ્રવૃત્તિ શોધો.

અ. પગારના ચુકવ્યા બ. દેવાદારો પાસેથી મળ્યા

ક. લોન લીધી ડ. યંત્રનું રોકડેથી વેચાણ

(A) બ અને ક (B) ક અને ડ (C) ડ અને અ (D) અ અને બ

34. ભાડું મળ્યું એ ..... પ્રવૃત્તિ અને ભાડું ચૂકવ્યું એ ..... પ્રવૃત્તિ છે.

(A) કામગીરી , કામગીરી (B) કામગીરી , રોકાણ (C) રોકાણ , રોકાણ (D) રોકાણ , કામગીરી

35. ..... એ નાણાકીય પ્રવૃત્તિનો વ્યવહાર છે.

(A) બિન ચાલુ મિલકતની ખરીદી (B) ધીરેલ લોન

(C) પ્રેફરન્સ શેર ડિવિડન્ડ (D) વેચાણ-વિતરણ ખર્ચ

વિભાગ-2: આંકડાશાસ્ત્ર અને વાણિજ્ય વ્યવસ્થા (Statistics & BA)

36. ઉમરાનને થીયરી પેપરમાં 70 ગુણ , પ્રેક્ટિકલ પરીક્ષામાં 30 ગુણ અને મૌખિક પરીક્ષામાં 10 ગુણ મળ્યા છે. તે શાળામાં આ પ્રકારની પરીક્ષાઓને અનુક્રમે 4,2 અને 1 ભાર આપવામાં આવે છે. વિદ્યાર્થીના ગુણનો ભારિત મધ્યક શોધો.

(A) 50.00 (B) 36.67 (C) 24.29 (D) 38.57

37. સાચા વિધાન શોધો.

અ. મધ્યક શોધવા માટે અવલોકનોને ક્રમમાં ગોઠવવાની જરૂર નથી.

બ. મધ્યસ્થ શોધવા માટે અવલોકનોને તેઓની કિંમતના ચડતા ક્રમમા ગોઠવવામાં આવે છે.

ક. બહુલક શોધવા માટે સમાન કિંમત ધરાવતા અવલોકનોને એક સાથે ગોઠવવામાં આવતા નથી.

(A) અ અને બ (B) બ અને ક (C) અ અને ક (D) અ,બ અને ક તમામ

38. અવલોકનનો એકમ 'ગુણ' હોય તો પ્રમાણિત વિચલનનો એકમ ..... અને વિચરણનો એકમ ..... થાય છે.

(A) ગુણ , ગુણ (B) ગુણ , $(\text{ગુણ})^2$ (C) $(\text{ગુણ})^2$, $(\text{ગુણ})^2$ (D) $(\text{ગુણ})^2$, ગુણ

39. બે વિદ્યાર્થીના રનનો મધ્યક સમાન છે. તો બે માંથી વધુ સારો કયો કહેવાય ?

(A) જેનો ચલનાંક 100ની નજીક હોય. (B) જેનો ચલનાંક ઋણ (Minus) હોય.

(C) જેનો ચલનાંક ઓછો હોય. (D) જેનો ચલનાંક વધુ હોય.

40. ખોટા વિધાન શોધો.

અ. બે અરિક્ત ગણોના ઘટકો વચ્ચેના અનન્ય સંબંધને વિધેય કહેવાય.

બ. જો વિધેયનો પ્રદેશ અને તેનો વિસ્તાર વાસ્તવિક સંખ્યા ગણ R પર વ્યાખ્યાયિત હોય , તો તેને વાસ્તવિક વિધેય કહે છે.

(A) ફક્ત અ (B) ફક્ત બ

(C) અ અને બ બંને (D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

41. જો r=1 હોય તો S_n =.....

(A) na (B) n − a (C) n + a (D) n/a

42. ફિશરનો સૂચક આંક I_F = ...

(A) $\sqrt{\left(\frac{\sum P_0q_0}{\sum P_1q_1}\right)\left(\frac{\sum P_0q_1}{\sum P_1q_1}\right)} \times 100$

(B) $\sqrt{\left(\frac{\sum P_0q_0}{\sum P_1q_0}\right)\left(\frac{\sum P_0q_1}{\sum P_1q_1}\right)} \times 100$

(C) $\sqrt{\left(\frac{\sum P_1q_1}{\sum P_0q_1}\right)\left(\frac{\sum P_1q_1}{\sum P_0q_1}\right)} \times 100$

(D) $\sqrt{\left(\frac{\sum P_1q_0}{\sum P_0q_0}\right)\left(\frac{\sum P_1q_1}{\sum P_0q_1}\right)} \times 100$

43. કાર્લ પિયર્સનની ગુણનપ્રઘાત રીતનું સૂત્ર r = ...

(A) $\frac{\sqrt{\sum(x-\bar{x})^2}\ \sqrt{\sum(y-\bar{y})^2}}{\sum(x-\bar{x})\ (y-\bar{y})}$ (B) $\frac{\sqrt{\sum(x-x)^2}\ \sqrt{\sum(y-y)^2}}{\sum(x-x)^2\ (y-y)^2}$

(C) $\frac{\sum(x-\bar{x})(y-\bar{y})}{\sqrt{\sum(x-\bar{x})^2}\ \sqrt{\sum(y-\bar{y})^2}}$ (D) $\frac{\sum(x-x)^2\ (y-y)^2}{\sqrt{\sum(x-x)^2}\ \sqrt{\sum(y-y)^2}}$

44. સહસંબંધાંક r અને નિયતસંબંધાંક b બંનેના ચિન્હો .....

(A) ગમે તે હોય શકે. (B) સમાન હોય છે. (C) વચ્ચે કોઈ સબંધ નથી. (D) વિરુધ્ધ હોય છે.

45. સામયિક શ્રેણીનું વલણ માપવાની ..... રીતો છે.

(A) 2 (B) 3 (C) 4 (D) 5

46. સંભાવનામાં P(A U B) = ...

(A) $P(A) - P(B) - P(A \cap B)$ (B) $P(A) + P(B) + P(A \cap B)$

(C) $P(A) - P(B) + P(A \cap B)$ (D) $P(A) + P(B) - P(A \cap B)$

47. દ્વિપદી સંભાવના – વિતરણનો મધ્યક = ... અને વિચરણ = ... હોય છે.

(A) np , npq (B) np^2 , npq^2 (C) $\sqrt{np}$, $\sqrt{npq}$ (D) np, $\sqrt{npq}$

48. સતત યાદચ્છિક ચલની એક નિશ્ચયી કિંમત માટે સંભાવના ઘટત્વ વિધેય દ્વારા મેળવેલ સંભાવના હંમેશા ..... હોય છે.

(A) -1 (B) 1 (C) 0 (D) 0.5

49. વિકલનમાં સીમાંત ખર્ચ = ...

(A) dR/dx (B) -P/x • dx/dp (C) dC/dx (D) p/x • dx/dp

50. માંગની મૂલ્ય સાપેક્ષતા = ...

(A) – P/x • dx/dp (B) dR/dp (C) P/x • dx/dp (D) dC/dp

વિભાગ-3: અર્થશાસ્ત્ર (Economics)

51. માંગની મૂલ્ય સાપેક્ષતા = ...

(A) $\frac{\text{કિંમતના એકમમાં ફેરફાર}}{\text{માંગના એકમમાં ફેરફાર}}$ (B) $\frac{\text{કિંમતમાં ટકાવારી ફેરફાર}}{\text{માંગમાં ટકાવારી ફેરફાર}}$

(C) $\frac{\text{માંગના એકમમાં ફેરફાર}}{\text{કિંમતના એકમમાં ફેરફાર}}$ (D) $\frac{\text{માંગમાં ટકાવારી ફેરફાર}}{\text{કિંમતમાં ટકાવારી ફેરફાર}}$

52. વસ્તુની કિંમત અને તેની માંગ વચ્ચે ..... તથા વસ્તુની કિંમત અને તેના પુરવઠા વચ્ચે ..... સંબંધ છે.

(A) સીધો , વ્યસ્ત (B) વ્યસ્ત , સીધો (C) સીધો , સીધો (D) વ્યસ્ત , વ્યસ્ત

53. રાજ્ય અંકુશીત અર્થ વ્યવસ્થામાં ખાનગી સાહસ , વ્યક્તિગત નિર્ણયોનું સ્વાતંત્ર્ય , બજાર-પરિબળો દ્વારા આર્થિક નિર્ણયોનો વ્યાપ વધે અને રાજ્યનો હસ્તક્ષેપ ઘટે તેને ..... કહે છે.

(A) સામાજિકીકરણ (B) વૈશ્વિકીકરણ (C) ખાનગીકરણ (D) ઉદારીકરણ

54. આર્થિક વૃધ્ધિ એ ..... અને આર્થિક વિકાસ એ ..... છે.

(A) પ્રક્રિયા , ઘટના (B) ઘટના , પ્રક્રિયા (C) પ્રક્રિયા , પ્રક્રિયા (D) ઘટના , ઘટના

55. ડો.એ.પી. લર્નર મુજબ વસ્તુના પુરવઠા કરતાં તેની વધારે પ્રમાણમાં માંગ થાય તે સ્થિતિને ..... કહે છે.

(A) ફુગાવો (B) મંદી (C) બેરોજગારી (D) ગરીબી

56. કોઈ એક વ્યવસ્થામાં પ્રવર્તમાન ટેક્નોલોજીના સંદર્ભમાં જરૂરી હોય તેના કરતાં વધુ શ્રમિકો રોકાયેલા હોય, આવા વધારાના શ્રમિકોને આ ક્ષેત્રમાંથી ખસેડી લેવામાં આવે તો પણ કુલ ઉત્પાદનમાં કોઈ ફેરફાર ન થતો હોય , તો તેઓ ..... કહેવાય છે.

(A) અર્ધ બેરોજગાર (B) ચક્રિય બેરોજગાર (C) પ્રચ્છન્ન બેરોજગાર (D) ઘર્ષણજન્ય બેરોજગાર

57. ICAR નું પુર્ણ સ્વરૂપ .....

(A) Institute of Central Agricultural Research (B) Institute of Council of Agricultural Research

(C) Indian Central Agricultural Research (D) Indian Council of Agricultural Research

58. એક દેશના ચલણની બીજા દેશના ચલણમાં વ્યક્ત થતી કિંમત એટ્લે ..... .

(A) વેપાર તુલા (B) લેણદેણની તુલા (C) આયાત – નિકાસનું સ્વરૂપ (D) હૂંડિયામણનો દર

59. મૂળ વિદેશના લોકો દ્વારા દેશમાં ઉત્પાદનના હેતુથી વ્યક્તિગત ધોરણે મૂડીરોકાણ કરવામાં આવે છે ત્યારે તેને ..... કહે છે.

(A) દેશી સીધું મૂડીરોકાણ (B) દેશી અપ્રત્યક્ષ મૂડીરોકાણ

(C) વિદેશી સીધું મૂડીરોકાણ (D) વિદેશી અપ્રત્યક્ષ મૂડીરોકાણ

60. પેઢી ના નફા માટે મહત્તમ થવા માટે પ્રથમ ઓર્ડરની શરત કઈ છે?

(A) સરેરાશ કિંમત = સીમાંત ખર્ચ (B) સીમાંત ખર્ચ = સીમાંત વળતર

(C) સીમાંત વળતર = સરેરાશ વળતર (D) સરેરાશ કિંમત = સરેરાશ વળતર

61. કમ્પ્યુટર નેટવર્કના મુખ્ય ..... પ્રકારો છે.

(A) 4 (B) 6 (C) 2 (D) 3

62. ભાગીદારી પેઢીના પ્રકારો 'મુદ્દત અનુસાર'માં નીચે પૈકી કયું નથી ?

(A) મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી પેઢી (B) ઐચ્છિક ભાગીદારી પેઢી

(C) મુદ્દતી ભાગીદારી પેઢી (D) નિશ્ચિત કાર્ય માટેની ભાગીદારી પેઢી

63. ખાનગી કંપનીમાં ઓછામાં ઓછા .....અને જાહેર કંપનીમાં ઓછામાં ઓછા ..... સંચાલકો અનિવાર્ય છે.

(A) 5 , 7 (B) 2 , 3 (C) 7 , 5 (D) 3 , 2

64. બિલ ઓફ લેડિંગ (Bill of Lading) એ ..... અને ..... વચ્ચેનો કરાર છે.

(A) આયાતકાર , જહાજી કંપની (B) નિકાસકાર , જહાજી કંપની

(C) આયાતકાર , સરકાર (D) નિકાસકાર , આયાતકાર

65. પ્રયત્નો , પરિણામ તથા સાધનો અને ઉદ્દેશો વચ્ચે સંતુલન સાધવાનું કાર્ય એટલે .....

(A) આયોજન (B) વ્યવસ્થાતંત્ર (C) દોરવણી (D) અંકુશ

66. એકમના સંચાલકો દ્વારા નિશ્ચિત ધ્યેયને સિધ્ધ કરવા માટે વ્યક્તિ અને કાર્ય વચેના સંબંધોનું જે વિધિસર રીતે માળખું સ્થપાય છે , તેને ..... કહે છે.

(A) રૈખિક વ્યવસ્થાતંત્ર (Linear) (B) કાર્યાનુસાર વ્યવસ્થાતંત્ર (Functional)

(C) વૈધિક વ્યવસ્થાતંત્ર (Formal) (D) શ્રેણિક વ્યવસ્થાતંત્ર (Matrix)

67. નીચે પૈકી કયું કર્મચારી ભરતી માટેનું 'આંતરિક પ્રાપ્તિ સ્થાન' છે ?

(A) પ્રતિક્ષા યાદી (B) ઠેકેદાર (Contractor) દ્વારા (C) દ્વાર (Gate) પર ભરતી (D) આધુનિક પધ્ધતિ

68. નીચે પૈકી કયું મૂડી માળખાને અસર કરતાં પરિબળોમાં 'આંતરિક પરિબળ' નથી ?

(A) ધંધાનો પ્રકાર (B) સંસ્થાકીય રોકાણકારો (C) નાણાકીય જરૂરિયાતો (D) મૂડીની જરૂરિયાતનો સમય

69. ઉત્પાદકો પોતાની પેદાશોને બજારમાં સફળતાપૂર્વક દાખલ કરવા માટે અને તેના બજારને ટકાવી રાખવા માટે જે વિવિધ નીતિઓનો સમૂહ અપનાવે છે તેને ..... કહે છે.

(A) લેબલિંગ (Labeling) (B) બજાર પ્રક્રિયા (C)માર્કેટિંગ મિશ્ર (Marketing Mix) (D) વિતરણ (Distribution)

70. ગ્રાહક સુરક્ષા કાયદા મુજબ , 'જિલ્લા કક્ષાનું ફોરમ'માં પ્રમુખની સાથે કુલ ..... વ્યક્તિની નિમણૂક રાજ્ય સરકાર કરે છે.

(A) 2 (B) 3 (C) 4 (D) 5

વિભાગ-4: English Grammar

71. The synonym of 'Disrupt' is .....

(A) Complex (B) Gradually (C) Finally (D) Interrupt

72. The synonym of 'Everlasting' is .....

(A) Eternal (B) Sectional (C) Abuse (D) Weaving

Answer from Q. No. 73 to 76 as per below paragraph :

The following behavior was (73) by a scientist who was making a study of ants. A member of ants were down in (74) pit, where they (75) some flies and other insects for food. The ants began fetching the small bits of these insects up to (76) ant hill.

73. (A) have notice (B) notice (C) be notice (D) noticed

74. (A) the (B) an (C) a (D) for

75. (A) will kill (B) had killed (C) was kill (D) be killed

76. (A) their (B) there (C) they (D) them

77. Convert Active into Passive voice :

'They were painting the school when I arrived'

(A) The school was being painted when I arrived. (B) The school were painted when I arrived.

(C) when I arrived the school was painted. (D) the school were being painted when they arrived.

78. I visit the kankariya lake ..... I go to Ahmedabad.

(A) once (B) wherever (C) whichever (D) whenever

79. Pay attention to your work ..... you will not make mistakes.

(A) unless (B) or (C) so that (D) for

80. I love the colour red; ..... this shade seems a little too bright.

(A) therefore (B) nonetheless (C) because (D) in fact

વિભાગ-5: જનરલ નોલેજ અને લોજિકલ રીઝનિંગ

81. શ્રેણીમાં ખૂટતો અંક શોધો.

53 , 53 , 40 , 40 , 27 , 27 , (?)

(A) 12 (B) 14 (C) 27 (D) 53

82. ખૂટતો અંક શોધો.

10	9	15
7	(?)	2

(A) 7 (B) 8 (C) 9 (D) 10

83. 12 , 11 , 13 , 12 , 14 , 13 , (?)

(A) 15 (B) 14 (C) 13 (D) 12

84. 1 + 4 = 5

2 + 5 = 12

3 + 6 = 21

8 + 11 = (?)

(A) 96 (B) 95 (C) 94 (D) 90

85. SCD, TEF, UGH, (?), WKL

(A) CMN (B) UJI (C) VIJ (D) IJT

86. કયું વર્ષ લિપ વર્ષ છે ?

(A) 654 (B) 2202 (C) 10040 (D) 1082

87. સવારના 9 વાગ્યાથી રાતના 9 વાગ્યા સુધીમાં ઘડિયાળના (કલાક અને મિનિટ કાંટા) બંને કાંટા કેટલી વખત એક સાથે આવશે ?

(A) 12 વખત (B) 9 વખત (C) 10 વખત (D) 11 વખત

88. 1 મીટર = ... ફૂટ.

(A) 10.00 (B) 2.38 (C) 5.00 (D) 3.28

89. A એ B કરતા બે વર્ષ મોટો છે જે C કરતા બમણો છે, જો Aએ, B અને Cની વયની કુલ સંખ્યા 27 હોય, તો B કેટલું છે?

(A) 7 (B) 9 (C) 10 (D) 12

90. જો ચોખાના ભાવમાં 2% ઘટાડો થયો છે. અગાઉ 49 કિલો ચોખા ખરીદવા માટેના નાણમાંથી માટે હવે કેટલા કિલોગ્રામ ચોખા ખરીદી શકાય છે?

(A) 48 KG (B) 49 KG (C) 50 KG (D) 51 KG

91. સ્ત્રી પુરુષને તેની માતાના ભાઈના પુત્ર તરીકે રજૂ કરે છે. પુરુષ સ્ત્રી સાથે કેવી રીતે સંબંધિત છે?

(A) દીકરો (B) ભત્રીજા (C) પૌત્ર (D) કાકા

92. સમગ્ર ભારતમાં ગુજરાત ..... નું સૌથી વધુ ઉત્પાદક છે.

(A) ઘઉં (B) કેરી (C) દૂધ (D) ચોખા

93. State Bank of India (SBI)નો લોગો .....માંથી લેવામાં આવ્યું છે.

(A) કાંકરીયા તળાવ , અમદાવાદ (B) ગોપી તળાવ , સુરત

(C) સાપુતારા તળાવ , સાપુતારા (D) દામોદર કુંડ , જુનાગઢ

94. પશ્ચિમ ભારતનો સૌથી મોટો બાગ કયો છે ?

(A) રાવ જોધા ડેસર્ટ રોકપાર્ક , જોધપુર (B) હેંગિંગ ગાર્ડન , મુંબઈ

(C) કમાટી બાગ , વડોદરા (D) ગુલાબ બાગ , ઉદયપુર

95. ભારતના ત્રીજા રાષ્ટ્રપતિ કોણ હતા ?

(A) રાજેન્દ્ર પ્રસાદ (B) ઝાકીર હુસૈન

(C) એ પી જે અબ્દુલ કલામ (D) ફખરુદ્દીન અહેમદ

વિભાગ-6: ઈસ્લામિક જ્ઞાન (Islamic Knowledge)

96. કુરઆન શરીફમાં ..... પારા (Parts) અને ..... સૂરત (Chapters) છે.

(A) 33 , 114 (B) 30 , 114 (C) 33 , 104 (D) 30 , 104

97. કુરઆન શરીફમાં સૌથી મોટી સૂરત અલ-બકરહમાં ..... આયત અને સૌથી નાની સૂરત અલ-કૌષરમાં ..... આયત છે.

(A) 286 , 3 (B) 296 , 3 (C) 286 , 4 (D) 296 , 4

98. ઇસ્લામના મૂળ આધારસ્તંભ કયા છે ?

અ. ઈમાન બ. નમાઝ ક. ઝકાત ડ. રોઝા ઈ. હજ્જ

(A) અ , બ , ક , ડ (B) અ , બ , ક , ડ , ઈ (C) અ , બ , ડ , ઈ (D) અ , બ , ક

99. મુહમ્મદ (સલ્લલ્લાહું અલયહે વસલ્લમ) ના ..... નું નામ અબ્દુલ મુત્તલિબ અને .....નું નામ આમીના બિન્તે વહબ હતું.

(A) પિતા , દાદી (B) દાદા , દાદી (C) પિતા , માતા (D) દાદા , માતા

100. “.....-..... સાથે સારો વ્યવહાર કરો . જો તમારા પાસે તેમાંથી કોઈ એક , અથવા બંને , વૃધ્ધ થઈને રહે તો તેમને ઊંહકારો પણ ન કરો , ન તો તેમને ધૂત્કારિને જવાબ આપો , બલ્કે તેમના સાથે આદરપૂર્વક વાત કરો , અને નમ્રતા અને મહેરબાની સાથે તેમના સામે નમીને રહો.” (કુરઆન – 17:23-24)

(A) નાની , નાના (B) માતા , નાના (C) નાની , પિતા (D) માતા , પિતા

વિભાગ-7: નિબંધ લેખન (Essay Writing)

101. નીચેનામાંથી એક વિષય પર 15 થી 20 વાક્યમાં નિબંધ લખો (20 ગુણ).

(i) હું CA શા માટે બનવા માંગુ છુ?

(ii) હું CA બનીને સમાજને કઈ રીતે મદદ કરીશ?

*** *** ***

રફ કાર્ય

૨૬ કાર્ય

રફ કાર્ય